|| ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ સત્યસ્વરૂપાય નમઃ || (૨)

સત્યસ્વરૂપ શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

‘ સત્ય ' આ શબ્દ ત્રણ અક્ષરોથી બનેલો છે.

સ-સાક્ષાત્કાર

ત-તપ

ય-યમ– ઇંદ્રિય સંયમન (ઇંદ્રિય નિયમન)

આત્મ સાક્ષાત્કારમાંથી પ્રાપ્ત થયેલું સત્ય એ જ ‘ સત્ય' છે. ભગવાન શ્રી સત્યસાઈબાબા ‘ સત્યસ્વરૂપા ' વિશે એવું કહે છે-‘ આ સમસ્ત વિશ્વમાં ‘ સત્ય' જ આવિર્ભૂત થયેલું છે. ‘ સત્ય ’ વગર વિશ્વનું અસ્તિત્વ હોઈ જ ન શકે. તમામ (પ્રત્યેક) વસ્તુ ‘ સત્ય ' માંથી જ નિર્માણ થઈ છે.

ઈશ્વરે સમસ્ત વિશ્વ' સત્ય ' માંથી જ નિર્માણ કર્યું છે. જ્યાં સત્ય ન હોય એવું એક પણ સ્થળ નથી. સત્ય એ એક જ શુદ્ધ આત્મસ્વરૂપ છે.

સારી સંપત્તિ, સારું સુખ સત્ય દ્વારા જ આવે છે. વેદ, ઉપનિષદ, અને બધા પવિત્ર ગ્રંથ સત્યમાંથી જ આવ્યા છે. ‘ સત્ય' એ ઈશ્વરનું યોગ્ય એવું નિવાસસ્થાન છે. સત્ય અને ઈશ્વર એમને એકબીજાથી ભિન્ન કરવા અશક્ય છે.

સત્ય એટલે જ ઈશ્વર છે. ઉપનિષદમાં કહ્યું છે –‘ રસોવૈ સઃ । ' ઈશ્વર એટલે રસ (માધુર્ય) છે. આનો અર્થ ઈશ્વર એ સૂક્ષ્મ રૂપમાં સર્વત્ર છે. શેરડીમાં રહેલી ખાંડ (સાકર) પ્રમાણે, દૂધમાંના માખણ પ્રમાણે તે સર્વત્ર આકંઠ પૂર્ણતઃ ભરેલો છે. ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન થવું મુશ્કેલ હોઈ શકે, પણ તેના અસ્તિત્વનો અનુભવ અનેક પ્રકારે મળી શકે છે. ખાંડમાંની મીઠાશ, લીંબુમાંની ખટાશ, લીમડામાંની કડવાશ એ સર્વ ઈશ્વરના અસ્તિત્વનું પ્રમાણ આપે છે. એકાદ પર્વત, ઝરણું અથવા જંગલ જોતી વખતે આપણને જે આનંદ થાય છે તે સર્વ ઈશ્વરના અસ્તિત્વનો ઉદ્ઘોષ કરે છે. પ્રકાશમાન સૂર્ય, ચમકનારા તારા, કક્ષામાં ફરનારા ગ્રહો એ બધા ઈશ્વરના આવિષ્કાર છે. એક જ્યોતિના સ્વરૂપ પરથી અગ્નિનું સ્વરૂપ સમજાય છે. પાણીના એક ટીપા પરથી સંપૂર્ણ ગંગા નદી સમજી શકાય છે. તે જ પ્રમાણે મનુષ્યનું સાચું સ્વરૂપ સમજી લેવાથી ઈશ્વરનું સ્વરૂપ સમજાય છે.

મનુષ્ય દિવસ રાત અનેક કામોમાં મગ્ન હોય છે, તો પણ તેને પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન હોતું નથી. તે પોતાને શરીર, મન, ઇંદ્રિયો સાથે એકરૂપ સમજે છે અને ‘ સત્ સ્વરૂપી ' આત્મા એનાથી પર છે, એ ભૂલી જાય છે. મનુષ્યમાં બે તત્વ છે. ‘દેહ અથવા ક્ષેત્ર' અને તેમાં રહેનારી “દેહી' અથવા ‘ ક્ષેત્રજ્ઞ '. આ ક્ષેત્રજ્ઞ જાણવું એટલે જ ‘ સ્વરૂપ ઓળખવું.

ઘણા વર્ષો પહેલાંની આ વાત છે જે કાળે દરરોજ સાંજે સ્વામી ભક્તો સમેત ચિત્રાવતીના કિનારે જતા, તે સમયે કેટલાક ભક્તોએ સ્વામીની પાસે સત્યસ્વરૂપ જાણવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

એક દિવસ સૂર્યાસ્તના સમયે સ્વામી ચિત્રાવતી તરફ ભક્તોના સમૂહ સાથે જતી વખતે વચ્ચે જ અંતધ્યાન થયા. બધા લોકો એમને શોધવા લાગ્યા, પણ વ્યર્થ. એટલામાં પર્વત (ડુંગર) ની ટોચ પર તાળીઓ વગાડવાનો અવાજ આવવા લાગ્યો. એટલે બધાએ તે દિશામાં જોયું તો ડુંગરની ટોચ પર સ્વામી ઊભા રહેલા દેખાયા. તેમણે ત્યાંથી જ પૂછયું સૂર્ય જેવો છે? બધાએ એક સાથે હા પાડી. સૂર્યાસ્ત પછી સૂર્ય ક્યાંથી આવી શકે? પરંતુ, ક્ષણાર્ધમાં આ ‘શ્રી સત્યનારાયણ ’ ની પાછળ ‘ સૂર્યનારાયણ ’ નો ઉદય થવા લાગ્યો. એનું તેજ એટલું પ્રખર થયું કે ભક્તોના સર્વાંગ પરથી પરસેવાની ધાર વહેવા લાગી. બધા કહેવા લાગ્યા, ‘ સ્વામી' ખૂબ જ ગરમી છે. તરત જ ઉષ્ણતા ઓછી થઈ ગઈ. પછી સ્વામી બોલ્યા, ચંદ્ર જેવો છે? અને એમની પાછળથી પૂર્ણચંદ્રનો ઉદય થવા લાગ્યો. ચંદ્રના શુભ કિરણ સર્વત્ર પ્રસરવા લાગ્યા અને ભક્તો ઠંડીથી ઠૂઠવાવા માંડ્યા. કેટલાક બોલવા લાગ્યા કે સ્વામી ખૂબ જ ઠંડી છે અને ઠંડી ઓછી થઈ ગઈ.

એટલામાં સ્વામીની અધિકારીવાણી સંભળાઈ ‘ હવે હું તમને ત્રીજું નેત્ર બતાવવાનો છું ધ્યાનથી જુઓ! " ત્રીજું નેત્ર કેવું હશે? આ વિચાર બધાના મનમાં આવતો હતો એટલામાં જ સ્વામીનું શરીર દેખાવાનું બંધ થઈ ગયું. ફક્ત મસ્તક એકલું જ દેખાવા લાગ્યું. તે એટલું મોટું થવા લાગ્યું કે તેનાથી સંપૂર્ણ આકાશ વ્યાપી ગયું. સર્વ ભક્તગણને ત્યાં જોતી વખતે જ સ્વામીના ભૂમધ્યમાં એક છિદ્ર દેખાવા લાગ્યું. તેમાંથી અત્યંત પ્રખર એવું તેજ અને પ્રકાશ બહાર આવવા લાગ્યો. આ તેજ અને પ્રકાશ ધીમે ધીમે વધવા જ માંડ્યો. તે એટલો વધ્યો કે તે સહન ન થવાથી કેટલાક ભક્તો મૂર્છિત થયા. નાના બાળકો રડવા લાગ્યા. એટલામાં જ આ બધું અદશ્ય થયું અને ખડખડાટ હાસ્ય કરતા સ્વામી પ્રકટ થયા અને તેમણે પૂછ્યું, “ અરે, આ શું થયું?' ' અને સ્વામીએ વિભૂતિ ઉદ્ભવ કરીને બધાના કપાળ પર લગાડી. તે સાથે જ બધા ભાનમાં આવ્યા. પરતું, બે દિવસ સુધી બધાંને ચક્કર આવતા હોય એવું લાગતું રહ્યું.

આની ઉપર ભાષ્ય કરતી વખતે સ્વામીએ કહ્યું, ‘તમારી પ્રાર્થના પ્રમાણે હું તમને મારું સત્યસ્વરૂપ બતાવી રહ્યો હતો. તમારાં કેટલાય જન્મોની પ્રાર્થનાથી ‘ ત્રીજા નેત્ર' ના દર્શન તમને થતા હતાં પરંતુ મારા તેજનું એક સહસ્ત્રાંશ તેજ પણ મેં તમને બતાવ્યું નહીં અને જે બતાવ્યું તે તમે સહન કરી શક્યાં નહીં. ”

ભગવાન શ્રી સત્યસાઈનું સત્યસ્વરૂપ જાણવાની પાત્રતા અમને પ્રાપ્ત થાઓ એ જ તેમના ચરણે પ્રાર્થના.

|| ॐ શ્રી સત્યસાઈ નાથાર્પણમસ્તુ ||